ક્રમાંક: મા-પ/ઉ.પ.ધો/કેમ્પ/૨૦૨૨/ ૧૭૦૪૩

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૦૨/૦૯/૨૦૨૨
૩

પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ (જિ- સુરત)

**વિષય:-** અત્રેના જિલ્લાની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ઉ..પ.ધોની દરખાસ્ત ફાઇલ જમા કરાવવા બાબત

**સંદર્ભ :-** **(૧)** અત્રેની કચેરીની તા. ૦૨/૦૯/૨૦૨૨ ની નોંધ પર મળેલ મંજુરી

અત્રેના જિલ્લાની બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને તા. ૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ ઉ.પ.ધો મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓની પગાર બાંધણીની દરખાસ્ત શાળાઓ પાસેથી મેળવવા માટે ૨-દિવસના કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા નીચે દર્શાવેલ તારીખ, સ્થળ અને સમયે બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ઉ.પ.ધોની દરખાસ્ત ફાઇલ મેળવવાનું આયોજન કરવામાં આવેલ છે.

કેમ્પના દિવસે બઢતી સમિતિના ઠરાવમાં સહી માટે અત્રેની કચેરીના શિક્ષણ નિરીક્ષકશ્રીઓ કેમ્પના સ્થળે હાજર રહેશે.જેથી આપના એસ.વી.એસ.નાં જે તે શિક્ષણ નિરીક્ષકશ્રીની ઉ.પ.ધો.દરખાસ્તમાં બઢતી સમિતિના ઠરાવમાં સહી થયા બાદ દરખાસ્ત કેમ્પમાં સ્વીકારવામાં આવશે જેનીનોંધ લેવી.દરખાસ્ત આ સાથે લીસ્ટ મુજબ તૈયાર કરી રજુ કરવાની રહેશે.

દરખાસ્ત ફાઈલમાં રજુ કરવામાં આવતા ઉ.પ.ધો.નાં બંને સેટમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી થશે.તે પેજ ઉપર ફ્લેગ અચૂક લગાડવાની રહેશે.તેમજ દરખાસ્ત સાથે રજુ કરવામાં આવતી અસલ સેવાપોથી કાળજી પૂર્વક ફાઈલમાં બાંધી રજુ કરવાની રહેશે

જેથી અત્રેની કચેરીના તાબા હેઠળની તમામ બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને તેમની શાળાઓના કર્મચારીઓની દરખાસ્ત ફાઇલ નિયત નમુનાના પત્રકો સાથે ૨- નકલમાં સામેલ રાખી કેમ્પમાં લઈને આવવા માટે જણાવવામાં આવે છે. તેમજ તમામ કર્મચારીઓની સેવાપોથીમાં તમામ પ્રકારની સેવાકીય લાભો, શૈક્ષણિક લાયકાત, પરીક્ષાઓ , રજાઓ વગેરે જેવી તમામ નોંધ કરીને કર્મચારીઓની દરખાસ્ત ફાઇલ રજુ કરવા માટે જણાવવામાં આવે છે. તેમજ આ સાથે સામેલ પત્રકમાં જણાવેલ અગત્યની સુચનાઓ પણ ધ્યાને લેવા માટે જણાવવામાં આવે છે.

| ક્રમ | સ્થળ | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|
| (૧) | રૂ.સી.મા પુનાવાલા સાર્વજનિક એક્સપેરીમેન્ટલ સ્કુલ,પાર્લેપોઈટ,સુરત | ૦૮/૦૯/૨૦૨૨ - ગુરુવાર | સવારે ૧૦:૩૦ કલાકથી |
| (૨) | વી.એફ.ચૌધરી માધ્યમિક શાળા તા-માંડવી, જિ-સુરત | ૧૪/૦૯/૨૦૨૨ – બુધવાર | સવારે ૧૦:૩૦ કલાકથી |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

Scanned with CamScanner

**અગત્યની સુચનાઓ:-**

- જો કોઇ કર્મચારીની દરખાસ્તમાં કોઇ પણ પ્રકારના પ્રમાણપત્રો ખુટતા હોય તો તેવી પુર્તતા તે જ સમયે થઈ શકે તે માટે તમામ આચાર્યશ્રીઓને કેમ્પમાં તેમની શાળાના સિક્કા અને ફોરવર્ડીંગ લેટર લઈને હાજર રહેવા માટે જણાવવામાં આવે છે.
- કેમ્પ પુરો  થઇ ગયા બાદ કોઇ પણ કર્મચારીની દરખાસ્ત ફાઈલ સ્વીકારવામાં આવશે નહી. તેમજ અધૂરી વિગત ધરાવતી દરખાસ્ત ફાઈલ સ્વીકારવામાં આવશે નહી .જો કોઇ કર્મચારીની ઉ.પ.ધો.ની દરખાસ્ત કરવાની બાકી રહેશે. તો તે અંગેની જવાબદારી સંપુર્ણપણે લગત શાળાના આચાર્યશ્રીની રહેશે.
- ઉ.પ.ધો.ની દરખાસ્ત ફાઈલ ૨ સેટમાં નીચે મુજબ તૈયાર કરી લાવવાની રહેશે.

**(1) પ્રથમ સેટ (પી.વી.યુ ગાંધીનગર)**

- PVU ગાંધીનગરને લખવાનો ફોર્વર્ડીંગ લેટર
- ચેક લિસ્ટ (૨૮ મુદ્દા)
- કચેરી આદેશ
- ગણતરી હુકમ
- પત્રક 3/૪ (૨ નકલમાં)
- બઢતી સમિતીનો ઠરાવ (૪-સભ્યોની સહી સાથે)
- બાંહેધરી અને અનુસુચિ
- વિકલ્પની તારીખે ઉ.પ.ધો મંજૂર કરાવ્યું હોય તો વિકલ્પ ફોર્મ
- CCC અને હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેના પ્રમાણપત્ર
- અસલ સેવાપોથી

**(2) બીજો સેટ (જિ.શિ.અ: ઓફિસ કોપી)**

- નોંધ
- ચેક લિસ્ટ (૨૮ મુદ્દા)
- PVU ગાંધીનગરને લખવાનો ફોરવર્ડીંગ
- કચેરી આદેશ
- ગણતરી હુકમ
- પત્રક 3/૪ (૨ નકલમાં)
- બઢતી સમિતીનો ઠરાવ (૪-સભ્યોની સહી સાથે)
- બાંહેધરી અને અનુસુચિ
- વિકલ્પની તારીખે ઉ.પ.ધો મંજૂર કરાવ્યું હોય તો વિકલ્પ ફોર્મ
- CCC અને હિન્દી પરીક્ષા પાસ કર્યા અંગેના પ્રમાણપત્ર

Scanned with CamScanner